ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

# જસદણતાલુકાનીમાધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં ડીઝાસ્ટરમેનેજમેન્ટ અંગેની સભાનતાનો અભ્યાસ

**અનિલકુમાર કે.રાઠવા**

(એમ.એ.,એમ.એડ.)

પીએચ.ડી.વિદ્યાર્થી

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal


## સારાંશ

આજે દુનિયાના મોટા ભાગના દેશોએ પોતાના દેશમાં આવતી કુદરતી આપત્તિઓ સામે રક્ષણ મેળવવા જાત-જાતના પ્રયાસો કરે છે અને એના માટે શિક્ષણ નેજ અસરકારક માધ્યમ ગણવામાં આવ્યું છે, દેશની ભાવી પેઢી પ્રાથમિક શિક્ષણ કે માધ્યમિક શિક્ષણ થીજ પોતે માહિતગાર થઈ પોતાના પરિવારમાં અને સમાજ માં જાગૃતિ ફેલાવી કુદરતી આપત્તિઓ સામે રક્ષણ મેળવવા સભાન બને અને બનાવેતેવા આશય થી સરકાર અનેક પ્રયત્નો કરી રહી છે. આ જ બાબત ને ધ્યાને રાખી પ્રસ્તુત અભ્યાસ માં જસદણતાલુકાની માધ્યમિક શાળાના ધોરણ-૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ડીઝાસ્ટરમેનેજમેન્ટ અંગેની સભાનતાનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. પ્રસ્તુત અભ્યાસમાં વિદ્યાર્થીઓ ની સભાનતાચકાસવા માટે સભાનતા માપદંડ ની રચના કરવામાં આવી હતી. સભાનતા માપદંડ ના આધારે નમૂના પાસે થી માહિતી નું એકત્રીકરણ કરી મળેલ માહિતીનું ત્રીબિંદુસ્કેલ પ્રમાણેગુણાંકન કરી સભાનતા અંક મેળવવામાં આવ્યા હતા અને કાઈવર્ગ કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. આ પ્રત્યેક વિધાન માટે 0.0૧ કક્ષાએ ન્યુનતમકાઈવર્ગ મૂલ્ય ૯.૨૧૦ અને 0.0૫ કક્ષાએ ન્યુનતમકાઈવર્ગ મૂલ્ય ૫.૯૯૧ સાર્થક થવા માટે જરૂરી હતું. પ્રાપ્ત માહિતી પરથી વિવિધ પ્રકારની કુદરતી આપત્તિઓના સંદર્ભમાં અભ્યાસનાપ્રશ્નોની ચકાસણી કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી ઉપરથી ફલિત થાય છે કે અભ્યાસમાં મુકવામાં આવેલ પ્રશ્નોના સંદર્ભમાં વિદ્યાર્થીઓ સભાનતા ધરાવે છે.


## ૧.0 પ્રસ્તાવના

આજના આધુનિક યુગમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની મદદથી મનુષ્ય ના જીવનને વધુ સારૂં કેવી રીતે બનાવી શકાય તે માટેના પ્રયત્નો થઈ રહ્યા છે. માનવ જીવન કુદરતી રચના થી ચાલતું હોઈ છે. કુદરત ની રચના ની કોઈ કલ્પના પણ નથી કરી શકતું. કુદરત આપે છે ત્યારે માનવજાત ને અઢળક આપે છે, પરંતુ જ્યારેછીનવી લે છે ત્યારે તે માનવજાત ને મુશ્કેલીમાંમુકી દે છે.

માનવજાત પોતે પણ પોતાની જીવન પદ્ધતિ ઓ મા જરૂરી સુધારા કરે છે અનુકૂળતાસાંધે છે પરંતુ જયારે કુદરતી આપદાઓ/આફતો કે આપત્તિ ઓ આવી પડે છે ત્યારે તે કુદરત સામે નિસહાય બની રહે છે.

માનવજાત એ છેલ્લા અનેક વર્ષોમાં પુર, દુષ્કાળ, ભૂકંપ, વાવાઝુડું, ત્યુસુનામી, ભૂસ્ખલન તેમજ દાવાનળ જેવી કુદરતી આપત્તિ ઓ નો ભોગ બનેલ છે. વર્તમાનમાં આધુનિક સંશાધનોની ની ઉપસ્થિતિ માં કેટલાક અંશે જાગૃત રહી સ્વરક્ષણ તેમજ જાનમાલ ને બચાવીશકાઈ છે .

આજનું બાળક એ ભવિષ્યનો દેશનો નાગરિક છે. તેથી આવી પડતી કુદરતિઆફતોમાં માનવીએ પોતાનું જીવન કેવી રીતે ટકાવી રાખવું, અને ભાવી પેઢીને તેનાથી કેવી રીતે  રક્ષણ આપવું તે અંગે માધ્યમિક શાળના વિદ્યાર્થીઓ વધુ સભાન થાય, તેવા પ્રયત્નો શિક્ષણ ના માધ્યમ થી સરકાર દ્વારા કરવામાં આવી રહીયા છે. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં ડીઝાસ્ટરમેનેજમેન્ટઅંગેની સભાનતા કેટલી હશે તે જાણવાની જિજ્ઞાસાથી પ્રેરાઈને સંશોધકે આ સંશોધન હાથ ધરેલ હતું.

૨.૦ અભ્યાસનાહેતુઓ

પ્રસ્તુત અભ્યાસ ના હેતુઓ આ મુજબ હતા.

૧. વિદ્યાર્થીઓમાં આપત્તિઓનીસંભવિતતા અંગેની સભાનતા જાણવી.

૨. વિદ્યાર્થીઓમાં આપત્તિઓની પૂર્વ તૈયારી અંગેની સભાનતા જાણવી.

VIDHYAYANA

૩. વિદ્યાર્થીઓમાં આપત્તિઓવખતે કઈ-કઈ કાળજી લેવી અંગેની સભાનતા જાણવી.

૪. વિદ્યાર્થીઓમાં આપત્તિઓ પછી રાખવાની સજાગતાઅંગેની સભાનતા જાણવી.

૩.૦ અભ્યાસના પ્રશ્નો

૧. વિદ્યાર્થીઓ કુદરતી આપત્તિઓ અંગે સજાગ હશે ?

૨. વિદ્યાર્થીઓ કુદરતી આપત્તિઓના સંભવિત કારણો જાણતા હશે ?

૩. વિદ્યાર્થીઓ કુદરતી આપત્તિઓ આવે તો તેની પૂર્વ તૈયારીઓ વિશે જાણતા હશે ?

૪. વિદ્યાર્થીઓ કુદરતી આપત્તિઓ વખતે કઈ-કઈ કાળજી લેવી તે વિશે જાણતા હશે ?

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

૪.૦ પદોની વ્યવહારુ વ્યાખ્યા

ડીઝાસ્ટરમેનેજમેન્ટ – " ડીઝાસ્ટર એટલે આપત્તિ અને મેનેજમેન્ટ એટલે વ્યવસ્થાપન, આમ ડીઝાસ્ટરમેનેજમેન્ટ એટલે આપત્તિઓનુંવ્યવસ્થાપન."

સભાનતા – " વાનાતિશાત્રનીદ્રષ્ટીએ, સભાન 'સ' એટલે સાથે ભાન એટલે જાગૃત હોવું, આમ સભાન એટલે ભાન સાથે જાગૃત હોવું."

૫.૦ અભ્યાસ નું ક્ષેત્ર

પ્રસ્તુત અભ્યાસ નું ક્ષેત્ર માર્ગદર્શન અને સલાહદર્શન નું હતું.

૬.૦ અભ્યાસ નો પ્રકાર

પ્રસ્તુત અભ્યાસ મા નમૂના ના પાત્રો પાસેથી પ્રાપ્ત માહિતીનું અંક શાસ્ત્રીયપ્રયુક્તિઓ નો ઉપયોગ કરી પૃથક્કરણ કરવામાં આવ્યું હતું તેથી આ અભ્યાસ સંખ્યાત્મક પ્રકારનો હતો.

VIDHYAYANA

૭.૦ વ્યાપવિશ્વ

પ્રસ્તુત અભ્યાશમાંવ્યાપવિશ્વ તરીકે જસદણતાલુકાની માધ્યમિક શાળામાંધોરણ-૧૦ માં અભ્યાસ કર્તા વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

૮.૦ નમૂના પસંદગી

પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વની માધ્યમિક શાળાને આકસ્મિક રીતે પસંદ કરી હતી. જેમાં નમૂનો યાદચ્છિક સહેતુક નમૂના પસંદગીથી કરવામાં આવેલ અને ૬૩૬ વિદ્યાર્થીઓ ને નમૂના તરીકે સમાવેશ કરવામાં આવેલ હતો.

૯.૦ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક નો હેતુ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં ડીઝાસ્ટરમેનેજમેન્ટ અંગેની સભાનતાનુંમાંપણ કરવાનો હતો તેથી પ્રયોજકેવર્ણાત્મક પદ્ધતિની ત્રણ પદ્ધતિઓ પૈકી સર્વેક્ષણ પ્રકારની પદ્ધતિ પસંદ કરી હતી.

૧૦. ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં ડીઝાસ્ટરમેનેજમેન્ટ અંગેની સભાનતા જાણવા માટે ત્રીબિંદુસભાનતા માપદંડ ની રચના કરી હતી.

૧૧.૦ માહિતીનું એકત્રીકરણ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકેવિદ્યાર્થીઓનીડીઝાસ્ટરમેનેજમેન્ટસભાનતા નક્કી કરવા સ્વ-રચિત ડીઝાસ્ટરમેનેજમેન્ટસભાનતા માપદંડ નો ઉપયોગ કર્યો હતો.

૧૨.૦ માહિતીનું સ્વરૂપ

પ્રસ્તુત અભ્યાસનો હેતુ માધ્યમિક શાળામાં માં અભ્યાસ કર્તા વિદ્યાર્થીઓ ની ડીઝાસ્ટરમેનેજમેન્ટ અંગેની સભાનતા નો અભ્યાસ કરવાનો હતો. સંશોધકેસભાનતા માપદંડ દ્વારા મળેલ માહિતીનું ત્રીબિંદુસ્કેલ પ્રમાણે ગુણાંકન કરીને દરેક પાત્રનીડીઝાસ્ટરમેનેજમેન્ટ અંગેની સભાનતા અંક મેળવવામાં આવ્યા હતા.

૧૩.૦ પૃથક્કરણનીપ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં મળેલ માહિતીનું કાઈવર્ગ કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

૧૪.૦ માહિતી પૃથક્કરણ અને અર્થઘટન

પ્રસ્તુત અભ્યાસમાં સભાનતામાપદંડમાં કુલ ૬૦ વિધાનો હતા. વિધાનોના સંદર્ભમાં પ્રાપ્ત માહિતી મેળવવામાં આવી હતી. જેના કાઈવર્ગમૂલ્યોમેળવવામાં આવ્યા હતા.આ પ્રત્યેક વિધાન માટે ૦.૦૧ કક્ષાએ ન્યુનતમકાઈવર્ગ મૂલ્ય ૯.૨૧૦ અને ૦.૦૫ કક્ષાએ ન્યુનતમકાઈવર્ગ મૂલ્ય ૫.૯૯૧ સાર્થક થવા માટે જરૂરી હતું.

પ્રસ્તુત અભ્યાસ અંતર્ગત સંશોધક દ્વારા અભ્યાસનાપ્રશ્નોની રચના કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી પરથી વિવિધ પ્રકારની કુદરતી આપત્તિઓના સંદર્ભમાં અભ્યાસનાપ્રશ્નોની ચકાસણી કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી ઉપરથી ફલિત થાય છે કે અભ્યાસમાં મુકવામાં આવેલ પ્રશ્નોના સંદર્ભમાં વિદ્યાર્થીઓ સભાનતા ધરાવે છે.પરંતુ કુદરતિઆપત્તિઓનાપ્રકારો અને ભૂસ્ખલન વિશે સભાનતા ઓછી જોવા મળી હતી, તેજ મુજબ વાવાઝોડું આવતા શું કરવું જોઈએ તે વિશે પણ સભાનતા ઓછી જોવા મળી હતી. અંત માં તમામ માહિતી પરથી ફલિત થાઈછે કે અભ્યાસ માં મુકવામાં આવેલ પ્રશ્નોના સંદર્ભમાં વિદ્યાર્થીઓ સભાનતા ધરાવે છે તેનું પ્રમાણ વધુ જોવા મળેલ છે.

VIDHYAYANA

૧૫.૦ અભ્યાસના તારણો

પ્રસ્તુત અભ્યાસ માં સંશોધકેઅભ્યાસના અંતે આ પ્રમાણે તારણો મળ્યા હતા.

૧) જસદણતાલુકાની માધ્યમિક શાળાઓમાં ધોરણ- ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ની ડીઝાસ્ટરમેનેજમેન્ટ પ્રત્યેની સભાનતાનું પ્રમાણ ૭૦ થી ૮૦ ટકા જેટલું જોવા મળ્યું હતું.

૨) જસદણતાલુકાની માધ્યમિક શાળાઓમાં ધોરણ- ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આપત્તિઓના સંભવિત કારણો અંગે માહિતગાર હતા સભાનતા જોવા મળી હતી.

૩) જસદણતાલુકાની માધ્યમિક શાળાઓમાં ધોરણ- ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનીઆપત્તિઓની પૂર્વ તૈયારી અંગેનીસભાનતા જોવા મળી હતી.

૪) જસદણતાલુકાની માધ્યમિક શાળાઓમાં ધોરણ- ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનીઆપત્તિઓની પૂર્વ તૈયારી અંગેની સભાનતા ૭૦ થી ૮૦ ટકા ના પ્રમાણ સાથે જોવા મળી હતી.

૫) જસદણતાલુકાની માધ્યમિક શાળાઓમાં ધોરણ- ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં આપત્તિઓ પછી રાખવાની સજાગતા ઊંચી જોવા મળી હતી.

૧૬.૦ સંદર્ભ સાહિત્ય

ઉચાટ, ડી. એ. (૨૦૦૫). સંશોધન દર્શન. રાજકોટ : પારસ પ્રકાશન.

દેસાઈ, એચ. જી. અને દેસાઈ, કે. જી. (૧૯૯૭). **સંશોધન** પદ્ધતિઓ અને પ્રવીધિઓ **(** છઠ્ઠી આવૃત્તિ**).** અમદાવાદ : યુનીવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

પરમાર, આર. ડી. અને અન્ય (૨૦૦૬). આપત્તિ વ્યવસ્થાપન**.** શિક્ષણ તાલીમ મોડયુલ, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ, વિદ્યાભવન, ગાંધીનગર.

VIDHYAYANA